RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 128 Date: 28.02.2024 Wednesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-


# તમારી હિમ્મત કેવી રીતે થઈ, આદેશ છતા પણ જાહેરાત આપવી યોગ્ય નથી', પતંજલિ પર સુપ્રીમ કોર્ટ લાલઘૂમ



નવી દિલ્હી, તા. ૨૭

સુપ્રીમ કોર્ટે પતંજલિ આયુર્વેદ સામે કડક વલણ અપનાવ્યું છે. મંગળવારે કોર્ટમાં સુનાવણી દરમિયાન તેમણે કહ્યું કે આદેશ છતાં પણ જાહેરાતો આપવી એ બિલકુલ યોગ્ય નથી. જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લા ખુદ અખબાર લઈને કોર્ટમાં આવ્યા હતા. સુનાવણી દરમિયાન જસ્ટિસ અમાનુલ્લાએ કહ્યું કે તમારામાં કોર્ટના આદેશ બાદ પણ આ જાહેરાત આપવાની હિંમત કેવી રીતે થઈ? હવે અમે એક ખૂબ જ કડક આદેશ આપવા જઈ રહ્યા છીએ. અમારે આ એટલા માટે કરવું પડી રહ્યું છે કારણ કે, તમે કોર્ટને ઉશ્કેરી રહ્યા છો. કોર્ટે સુનાવણી દરમિયાન પૂછ્યું કે તમે કેવી રીતે કહી શકો કે તમે બીમારી દૂર કરી દેશો? અમારી ચેતવણીઓ છતાં તમે કહો છો કે અમારી પ્રોડક્ટ્સ કેમિકલ આધારિત દવાઓ કરતાં વધુ સારી છે? કોર્ટે વધુમાં કહ્યું કે કેન્દ્ર સરકારે પણ આ અંગે કાર્યવાહી કરવી જોઈએ. ૨૯ નવેમ્બર ૨૦૨૩ના રોજ સુપ્રીમ કોર્ટે પતંજલિ આયુર્વેદની જાહેરાતો અને તેના માલિક બાબા રામદેવના નિવેદનો પર વાંધો ઉઠાવતી ઈન્ડિયન મેડિકલ એસોસિએશનની અરજી પર સખ્તી દર્શાવી હતી. બાબા રામદેવના નિવેદનો અને જાહેરાતોમાં એલોપેથી અને તેની દવાઓ અને રસીકરણની જાહેરાતો વિરુદ્ધ ઈન્ડિયન મેડિકલ એસોસિએશનની અરજી પર સુનાવણી કરતા જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લા અને જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રાની ખંડપીઠે પતંજલિ દ્વારા એલોપથી અંગે ભ્રામક દાવાઓ અને જાહેરાતો આપવા બદલ પતંજલિને ફટકાર લગાવી હતી.ખંડપીઠે પતંજલિ પર ભવિષ્યમાં આવી જાહેરાતો અને નિવેદનો પર ભારે દંડ ફટકારવાની ચેતવણી આપી છે. જસ્ટિસ અમાનુલ્લાએ કહ્યું કે જો ભવિષ્યમાં આવું કરવામાં આવશે તો પ્રત્યેક ઉત્પાદન જાહેરાત પર ૧ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. કોર્ટે પતંજલિને એલોપેથિક દવાઓ અને રસીકરણો વિરુદ્ધ કોઈપણ ભ્રામક જાહેરાતો અથવા ખોટા દાવા ન કરવા જણાવ્યું છે. કોર્ટે ચેતવણી આપી છે કે ન તો આવી કોઈ જાહેરાત આપવી કે, નહી તો મીડિયામાં કોઈ નિવેદન આપવામાં આવે. કોર્ટે કહ્યું કે, અમે આ મામલાને એલોપેથી વિરુદ્ધ આયુર્વેદની ચર્ચા બનાવવા નથી માંગતા. પરંતુ અરજદારો દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાનો ઉકેલ શોધવા માંગીએ છીએ. આ ઉપરાંત કોર્ટે કહ્યું કે કેન્દ્ર સરકારે ગેરમાર્ગે દોરતી મેડિકલ જાહેરાતોનો સામનો કરવા માટે એક યોજના કોર્ટ સમક્ષ મૂકે.

# કાશી વિશ્વનાથ મંદિર ગુરુકુળની સ્થાપના કરશે, અહીં કોઈ પણ બાળક નિઃશુલ્ક શિક્ષણ લઈ શકશે




કોઈપણ બાળક નિઃશુલ્ક શિક્ષણ મેળવી શકે તે માટે શ્રી કાશી વિશ્વનાથ મંદિર દ્વારા આધુનિક ગુરુકુળની સ્થાપના કરવા પ્રસ્તાવ લવાયો છે. આ ઉપરાંત કાશી વિશ્વનાથ મંદિર ન્યાસ ગુરુકુળમાં આયુર્વેદિક આધારીત હોસ્પિટલ અને ગૌશાળા પણ બનાવવાની યોજના તૈયાર કરી રહ્યા છે. ન્યાસની આગામી બેઠકમાં ગુરુકુળની સ્થાપના અને સંચાલન અંગે અંતિમ નિર્ણય લેવાશે. આ ગુરુકુળ ચંદોલી, મિર્જાપુર અથવા સારનાથમાં મંદિરની ખાલી જમીન પર બનાવાશે. ચંદોલીમાં મંદિરની ૪૨ વીઘા જમીન છે.નવા ગુરુકુળનું મંદિર દ્વારા સંચાલન કરાશે. ગુરુકુળમાં પ્રવેશ માટેની ઉંમર પાંચ વર્ષ, વેદોની તમામ શાખાઓનો અભ્યાસ સહિતનો પ્રસ્તાવ તૈયાર કરાયો છે. યજ્ઞોપવીત પછી કોઈપણ બાળક પ્રવેશ લઈ શકશે. શિક્ષકો દ્વારા વેદ ઉપરાંત નવી શિક્ષણ નિતિ હેઠળ આધુનિક વિષયોનો પણ અભ્યાસ કરાશે. શિક્ષકો માટે ગુરુકુળમાં રહેવાની અને જમવાની સંપૂર્ણ વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે. આ ગુરુકુળમાં અભ્યાસ કનરારા શિષ્યો શાસ્ત્રીથી લઈને આચાર્ય સુધીની ડિગ્રી મેળવી શકશે.આ અંગે ઉત્તર પ્રદેશ (ઙ્ગઙ્ગિ ઙ્ઘિદ્બીજર)ના વારાણસી (ફ્રટ્ઠિહટ્ઠજૈ)માં આવેલા વિશ્વનાથ મંદિર ન્યાસના સભ્ય પ્રોફેસર બ્રજભૂષણ ઓઝાએ માહિતી આપતા જણાવ્યું કે, 'ન્યાસ ગુરુકુળ, હોસ્પિટલ અને ગૌશાળાના સંચાલનની યોજના બનાવી રહી છે. આ અંગે ટૂંક સમયમાં યોજાનાર ન્યાસની બેઠકમાં અંતિમ નિર્ણય લેવાશે.'ગુરુકુળમાં ઋગ્વેદ અને તેની શાખાઓ શાકલા અને શંખયાન, યજુર્વેદ અને તેની શાખાઓ તૈત્તિરીય, મૈત્રાયણીય, કઠ અને કપિષ્ટલ તેમજ શુક્લ યજુર્વેદ અને તેની શાખા માધ્યન્દિનીય અને કાણ્વનો અભ્યાસ કરાવાશે. આ ઉપરાંત સામવેદ અને તેની શાખા કૌથુમ અને જૈમિનીય તેમજ અથર્વવેદ અને તેની શાખા શૌલક અને પૈપ્પલાદનો પણ પાઠ ભણાવાશે.

# દેવા માફી, ટેકાના ભાવ સિવાય બીજો પણ એક મુદ્દો છે, જેના કારણે ખેડૂતો સાથેના વિવાદનો અંત નથી આવતો

૧૩ ફેબ્રુઆરીથી શરૂ થયેલા ખેડૂત આંદોલનનો આજે ૧૫મો દિવસ છે. હરિયાણા (ૐટ્ઠિઅિટ્ઠહટ્ઠ) અને પંજાબ (ઁહદ્બટ્ઠહ્વ) સહિતના રાજયોમાં ભારે વિરોધ જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત ખેડૂતોના 'દિલ્હી કૂચ' કરવાના પ્રયાસને પગલે ટીકરી, સિંધુ અને ગાજીપુર બોર્ડર પર પણ પોલીસ જવાનો સહિત સુરક્ષા દળ પણ તહેનાત રખાયા છે. ખેડૂતો અને પોલીસ વચ્ચે સૌથી વધુ ઘર્ષણ સિંઘુ બોર્ડર (જીૈહખ્તરે મ્ઙ્ઘિીિ) પર જોવા મળી રહ્યું છે. ટેકાના ભાવ (સ્જીઁ) માટે કાયદો બનાવવા સહિતની માંગ મુદ્દે ખેડૂત પ્રતિનિધિઓ અને કેન્દ્ર સરકારના મંત્રીઓ વચ્ચે ૧૫ દિવસમાં ચાર વખત બેઠક યોજાઈ છે,



પરંતુ તમામ બેઠકો નિષ્ફળ ગઈ છે. ખેડૂતોની માંગમાં એમએસપી અને ખેડૂતોના દેવા માફ કરવા માટે કાયદાકીય ગેરંટી ઉપરાંત વધુ એક મહત્વનો મુદ્દો પણ સામેલ છે, જેના કારણે ખેડૂત પ્રતિનિધિઓ અને કેન્દ્રીય મંત્રીઓની પેનલ વચ્ચે વાત આગળ વધી શકી નથી.

ચંડીગઢમાં બંને પક્ષો વચ્ચે ચોથી વખત બેઠક યોજાઈ હતી, જેમાં કેન્દ્રીય મંત્રીઓએ ૨૦૨૦ના આંદોલનમાં ખેડૂતો સામે થયેલા તમામ કેસ પરત ખેંચી લેવા વચન આપ્યું હતું. ત્યારબાદ એવું જાણવા મળ્યું છે કે, તેમણે ૨૦૨૧માં લાલ કિલ્લા પર થયેલી હિંસા મામલે આવું કરવાનો ઈન્કાર કરી દીધો છે. ઉલ્લેખનિય છે કે, વર્ષ ૨૦૨૧માં ૨૬ જાન્યુઆરીએ ખેડૂતો ટ્રેક્ટર પરેડ કરી લાલ કિલ્લા પર પહોંચ્યા હતા, જ્યાં તેમણે હિંસા (ફીદ્ઘ ઙ્ઘિ ફૈંઙ્મીહષ્ઠી) અને અરાજકતા ફેલાવી હતી. આ હિંસા મામલે દિલ્હીના કોતવાલી પોલીસ સ્ટેશનમાં ૫૪ કેસ નોંધાયા હતા.

સરકારના ઘણા સૂત્રોએ કહ્યું કે, કેન્દ્રીય મંત્રીઓએ લાલ કિલ્લા સંબંધિત કેસો પાછા ખેંચવાનો ઈન્કાર કરી દીધો છે. તે અંગે ખેડૂતોએ કારણ પૂછ્યું છે. બેઠક સાથે સંકળાયેલા એક સૂત્રોએ કહ્યું કે, 'કેન્દ્રીય મંત્રીઓએ કહ્યું કે, જઘન્ય કેસો પાછા ખેંચાશે નહીં. ખેડૂત નેતાઓએ પૂછ્યું કે, શું લાલ કિલ્લા હિંસાને જઘન્ય ગુનાની શ્રેણીમાં રખાયું છે? તો આ મામલે તેમણે હા કહ્યું છે.

# કેડિલાના CMD રાજીવ મોદી કેસમાં નવો વળાંક, ફરિયાદી બલ્ગેરિયન યુવતી અચાનક હાજર થઈ

અમદાવાદની જાણીતી કેડિલા ફાર્માસ્યુટિકલ લિમિટેડના ઝસ્ઙ્ઘ રાજીવ મોદી સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવનારી બલ્ગેરિયન યુવતી આજે અચાનક જ ગુજરાત હાઈકોર્ટ પહોંચી હતી. થોડા દિવસો પહેલા જ રાજીવ મોદીને ક્લીનચીટ મળી હતી, ત્યારે હવે યુવતી ફરી એકવાર હાઈકોર્ટમાં હાજર થતાં જ કેસમાં વળાંક આવ્યો છે. અગાઉ ફરિયાદ નોંધવનારી યુવતી ૨૪ જાન્યુઆરીથી ગાયબ હતી, જેની ફરિયાદ યુવતીના વકિલે પણ લખાવી હતી. હવે ગુમ થયાના




૩૪ દિવસ બાદ આજે યુવતી હાઈકોર્ટમાં હાજર થઈ છે.અગાઉ કેસની તપાસ ગુજરાત હાઈકોર્ટની સુચનાથી એડીશન પોલીસ કમિશનર સેક્ટર-૧ના અધ્યક્ષ સ્થાને તૈયાર કરવામાં આવેલી સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમને સોંપવામાં આવી હતી. જેમાં પોલીસે ફરિયાદમાં લગાવવામાં આવેલા આક્ષેપને લગતા પુરાવા મળ્યા નહોતા. સાથે સાથે કેસની તપાસને લગતી કેટલીક બાબતો પર ચકાસવા માટે ફરિયાદી યુવતીનું નિવેદન લેવું જરૂરી હતું. જો કે આઠ-આઠ જેટલા સમન્સ બાદ પણ તે હાજર થઈ નહોતી. જેના પગલે એસઆઈટી દ્વારા કોર્ટમાં એ સમરી ફાઈલ કરવામાં આવતા સમગ્ર કેસમાં આક્ષેપ સાબિત ન થતા રાજીવ મોદીને કેસમાં લગભગ ક્લીનચીટ મળતા કેસમાં મહત્વનો વળાંક આવ્યો હતો.

# નિર્મલા સીતારમણ અને જયશંકર લડશે લોકસભા ચૂંટણી, ભાજપની મોટી જાહેરાત

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ અને વિદેશ મંત્રી એસ. જયશંકરને લઈને ભાજપે મોટી જાહેરાત કરી છે. ભાજપે બંને કેન્દ્રીય મંત્રીઓને આ વખતે લોકસભા ચૂંટણીમાં ઉતારવાનો નિર્ણય લીધો છે. જો કે એ નથી જણાવ્યું કે તેઓ કઈ બેઠક પરથી ચૂંટણીમાં ઝંપલાવશે. જણાવી દઈએ કે, મોદી સરકારમાં નિર્મલા સીતારમણ અને એસ. જયશંકર બંને કેબિનેટમાં મહત્ત્વના વિભાગ સંભાળી રહ્યા છે. હાલ તે બંને રાજ્યસભાના સભ્ય છે અને બંને હજુ સુધી ચૂંટણી નથી લડ્યા. કેન્દ્રીય મંત્રી પ્રહ્લાદ જોશીએ ભાજપ તરફથી જાહેરાત કરી હતી કે, 'પક્ષ વખતે બંનેને ચૂંટણીમાં ઉતારવાની યોજના ઘડીરહી છે.' જણાવી દઈએ કે, પ્રહ્લાદ જોશી પણ કેન્દ્ર સરકારના કેન્દ્રીય મંત્રી છે. કદાચ નિર્મલા સીતારમણને કર્ણાટકની કોઈ બેઠકથી ઉતારવામાં આવી શકે છે .પીટીઆઈના અહેવાલ પ્રમાણે, પ્રહ્લાદ જોશીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું કે, 'એ લગભગ નક્કી થઈ





ચૂક્યું છે કે કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણ અને એસ. જયશંકર આગામી લોકસભા ચૂંટણી લડશે. જો કે, હજુ એ નક્કી નથી થયું કે તેઓ ક્યાંથી ચૂંટણી લડશે.

## તંત્રી લેખ......

# ડૂબતાને તરણા જેવી સમજૂતી

ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટી સાથે અને દિલ્હીમાં આમ આદમી પાર્ટી સાથે કોંગ્રેસની લોકસભા ચૂંટણી માટે સમજૂતી થઈ ગઈ તેનાથી તે ખુશ હશે. આ સમજૂતી અંતર્ગત દિલ્હીમાં આમ આદમી પાર્ટી ચાર અને કોંગ્રેસ ત્રણ સીટો પર મળીને ચૂંટણી લડશે. એનાથી એ જ સ્પષ્ટ થયું કે કોંગ્રેસે દિલ્હીમાં આપને મોટો પક્ષ માની લીધો. આ બંને પક્ષ હરિયાણા, ગુજરાત અને ગોવામાં પણ સાથે મળીને ચૂંટણી લડવા સહમત છે, પરંતુ એ ઉલ્લેખનીય છે કે પંજાબમા ંકોઈ સમજૂતી ન થઈ શકી. તેનો મતલબ છે કે પંજાબમા ંબંને પક્ષો એકબીજાને હરાવવાનું કામક રચશે અને દિલ્હી અને કેટલાક બીજા રાજ્યોમાં એકબીજાને જીતાડવાનું! આ વિચિત્ર સ્થિતિ કોંગ્રેસની લાચારી જ દર્શાવે છે. તે આ લાચારીનો પરિચય પહેલાં પણ આપી ચૂકી છે. તે બંગાળમાં ડાબેરીઓ સાથે મળીને ચૂંટણી લડી ચૂકી છે અને કેરળમાં તેમના વિરુદ્ઘ! આ વખતે પણ બંગાળ અને કેરળમાં એ જ થવાનું છે, કારણ કે કેરળના ડાબેરી નેતા કોંગ્રેસ સાથે સમજૂતી કરવા તૈયાર નથી. આખરે ગઠબંધનની આ કેવી રાજીનીતિ છે કે બે પક્ષો ક્યાંક સાથે મળીને ચૂંટણી લડે છે તો ક્યાંક એકબીજા વિરુદ્ઘ લડે છે!

ઉત્તર પ્રદેશમાં પણ કોંગ્રેસ જે રીતે ૮૦માંથી માત્ર ૧૭ બેઠકો પર ચૂંટણી લડવા સહમત થઈ ગઈ, તેનાથી પણ તેની લાચારી જ દેખાય છે. એક સમયે જે ઉત્તર પ્રદેશ કોંગ્રેસનો ગઢ હતો, ત્યાં તે ગઠબંધનના નામે જે રીતે પોતાની રાજકીય જમીન છોડવા તૈયાર થઈ, તેનાથી તે પોતાનો જનાધાર વધુ ગુમાવશે. એવા ગઠબંધન કરીને અને આ ક્રમમાં પ્રાદેશિક પક્ષોને મોટાભાઈનો દરજ્જો આપીને તે અન્ય રાજ્યોમાં પણ પોતાનો જનાધાર ગુમાવી ચૂકી છે.

# ઇનામ




"ઓ માય ગોડ મારું શું થશે?"

પગથિયાં ચડતાં ઝડપથી જઈ રહેલી બે છોકરીઓનાં ધક્કાથી પોતાની નીચે પડી ગયેલી પર્સ ને તેમાંથી વીખરાયેલો સામાન જોઈ કોલેજના પ્રથમ દિવસે ગભરાતી ગભરાતી કોલેજમાં જઈ રહેલી રાધિકાથી બોલાઈ ગયું! પેલી છોકરીઓ તો નીકળી ગઈ પરંતુ એક છોકરો તેને મદદ કરવા લાગ્યો. તેના હાથમાંથી બોલપેન લેતાં તેનો હાથ અડ્યો ને બંનેની નજર એક થઈ. આજ સુધી ફક્ત ગર્લ્સ સ્કૂલમાં ભણેલી રાધિકા માટે આ એક રોમાંચક અનુભવ હતો.. કેટલો હેન્ડસમ છતાં પણ કેવો પરગજુ! અમર પણ રૂપરૂપનાં અંબાર સમી રાધિકાને અપલક નેત્રે જોઈ રહ્યો. જાણે બંને વચ્ચે પહેલી નજરમાં પ્રેમ થઈ ગયો. કોલેજનાં પ્રથમ દિવસે, પ્રથમ મુલાકાત અને એને થયું કે કોઈકનો સાથ મળશે.

રાધિકા ઉચ્ચ મધ્યમ વર્ગમાં ઊછરેલી, પપ્પાની પરી, પણ ઈન્સ્પેક્ટર પપ્પા મિલિટરી માઈન્ડ ધરાવતા હતા. દીકરીની દરેક બાબતમાં તેઓ ખૂબ સ્ટ્રિક્ટ હતા. બધાં લાડ લડાવતા પરંતુ છોકરાઓ સાથે બોલવાની કે કોઈ પણ જાતની છૂટછાટની મનાઈ હતી. એક ઈન્સ્પેક્ટર તરીકે તેમણે આ ગુનેગારોની દુનિયા જોઈ હતી, જ્યાં કુમળી કળીઓને પીંખી નાખનારા કંઈ કેટલા ભમરાઓ હતા. તેનાં કારણે તેઓ આ બાબતમાં સદૈવ જાગૃત રહેતાં હતાં.

જ્યારે રાધિકાનો કોલેજમાં દાખલ થવાનો સમય આવ્યો ત્યારે પણ તેમણે એસ. એન. ડી. ટી.માં જવાનું કહ્યું, પરંતુ રાધિકા ભણવામાં હોશિયાર હતી અને તેણે પપ્પાને, 'મારે ડોક્ટર બનવું છે' ની ઈચ્છા જણાવી. આખરે કોલેજમાં ફક્ત બહેનપણી જ કરવાની શરતે જ તેને મંજૂરી આપી અને પ્રથમ દિવસે જ વિપરીત થઈ ગયું.

રાધિકાની હાલત સૂડી વચ્ચે સોપારી જેવી હતી. ન પપ્પાની આજ્ઞા ઉથાપી શકે કે ન દિલ પર એનું કોઈ જોર ચાલે. જો કે છેવટે તો દિલ જ જીતી ગયું હા.. ચૂપકે ચૂપકે!

જેમજેમ દિવસો વીતતા ગયા તેમ અમરનો વધુ પરિચય થતો ગયો. તે દરેક બાબતમાં મોખરે રહેતો હતો પરંતુ સાથેસાથે સદાય સૌને મદદ કરવા તત્પર રહેતો હતો એટલે હૈયું ન હરાય તો જ નવાઈ.

ચૂપકે ચૂપકે કોલેજનાં ત્રણ વર્ષ નીકળી ગયાં પરંતુ ચોથા વર્ષમાં આવતાં તેનાં પપ્પાને કંઈક ગંધ આવી અને કૉલેજમાંથી ઉઠાડી લેવાની વાત કરી. રાધિકાએ મમ્મીને કાલાવાલા કરી પપ્પાને સમજાવવા કહ્યું,

"મારું આ છેલ્લું વર્ષ છે તેમને કહે કે પૂરું કરવા દે. હું તેમને વચન આપું છું કે હું તેને કદી પણ નહીં મળું."

છેવટે તેના વચનમાં વિશ્વાસ રાખી તેને જવાની છૂટ આપી, પરંતુ જવા આવવા માટે ઘરની ગાડી અને ડ્રાઈવર સિવાય મનાઈ કરી દીધી.

રાધિકાએ અમરને સમજાવ્યો,

"તને કંઈ નુકસાન થાય તે હું નહીં જોઈ શકું. મારા પપ્પા ઈન્સ્પેક્ટર છે આપણે બંને તેમની મંજૂરી મળે તેની રાહ જોઈશું."

અમર પણ તેને દિલથી ચાહતો હતો. તેણે પણ વચનમાં સાથ આપવાનો વાયદો કર્યો.

સંગીતા થથરી રહી હતી ત્રણ ગુંડાઓ ભેગા મળી તેને છેડી રહ્યા હતા પરંતુ પબ્લિક તેને બચાવવા આગળ વધી રહી નહતી. સંગીતા લાચાર બની સૌની સામે જોઈ રહી હતી ને ગુંડાઓ જોર જોરથી હસી રહ્યા હતા. એક જણ તેની કમર પર હાથ મૂકવા ગયો ત્યાં અચાનક જ પાછળથી એક કરાટેની કિક પડી.પબ્લિક ચમકી ગઈ, ગુંડાઓ પણ ચોંક્યા આ કોણ છે મારનાર? તે પાછું વળીને જોવા જાય ત્યાં તો બીજા બંને પર હાથથી પ્રહાર થયો. તે દરમિયાન સંગીતાએ પોલીસને ફોન કરી દીધો મારતી જીપે પોલીસ અને ઈન્સ્પેક્ટર ત્યાં પહોંચી ગયા અને એક બહાદુર છોકરાને ત્રણ ગુંડાઓ સાથે ઝઝૂમતો જોયો ને પબ્લિકને તેનો વીડિયો ઉતારતાં જોઈ ત્યારે યશવંતસિંહનું લોહી ઊકળી ઊઠ્યું,

"નમાલાઓ! આ છોકરાને મદદ કરવાને બદલે તમને વીડિયો ઉતારતાં શરમ નથી આવતી?"

પોલીસે ત્રણે ગુંડાઓને ઝબ્બે કર્યા અને યશવંતસિંહે તે છોકરાને તેની બહાદુરી બદલ શાબાશી આપી. તેના પરિચય વિષે પૂછતાં તે રાધિકાની કૉલેજનો જ નીકળ્યો.

"તારી આ બહાદુરી માટે તો તારું સન્માન થવું જોઈએ"

કોલેજે આ ચંદ્રક આપવા ઈન્સ્પેક્ટર યશવંતસિંહને જ બોલાવ્યા સન્માન સમારંભમાં યશવંતસિંહ સૌને અમરનો દાખલો આપી રહ્યા હતા અને રાધિકા તો આનંદથી ફૂલી સમાતી નહોતી. તેનાં જીગરનો ટુકડો આજે પપ્પાના હાથે સન્માન પામી રહ્યો હતો.

ત્યારબાદ યશવંતસિંહે અમરને કહ્યું,

"મારી પુત્રી પણ આ જ કૉલેજમાં ભણે છે, ઊભો રહે હું તને તેની સાથે ઓળખાણ કરાવું." અને તેમણે રાધિકાને બોલાવી.

"આ મારી દીકરી રાધિકા!"

બંને જણાં તો એકબીજાંની નજર મળતાં જ નયન ઝુકાવી ગયાં. તેમની નજરને યશવંતસિંહ પામી ગયા. ઘરે ગયા બાદ તેમણે રાધિકાને પૂછ્યું "તું આ છોકરાને ઓળખે છે?"હા પપ્પા જેને માટે તમે મને કૉલેજ જવાની ના પાડી હતી તે આ અમર જ હતો પણ તમને વચન આપ્યા પછી હું તેને કદી પણ મળી નથી.""મને મારી દીકરી પર પૂરો વિશ્વાસ છે, પણ હવે તો મારે તેને ઘરે જમવા બોલાવીને તેની બહાદુરી માટે બહુ મોટું ઈનામ આપવું પડશે."આટલું સાંભળતા તો રાધિકા પપ્પાને વળગી પડી...

?? નારદી પારેખ'નંદી'

## વાતો!

દરિયો, હોડી ને ખલાસીની વાતો,
મઝધાર મળેલા પ્રવાસીની વાતો!

તારા ગયા પછી પણ ચાલતી રહે છે,
મારા મન-આંગણે અગાશીની વાતો!

આવતીકાલના કંઈ ઠેકાણા નથી ને,
માંડી છે તોયે લખ ચોરાસીની વાતો!

તારી સામે હારી ગયું છતાં જો ને
દિલ કરે કેવી શાબાશીની વાતો!

ખાસ સમજી લઉં પોતાને, કેમકે..
સૌને ક્યાં કરાય છે ઉદાસીની વાતો!

- કિંજલ જોષી દેસાઈ ( જૂનાગઢ )

## સહેલું છે,

દીકરી ને પુછો! પુત્રવધુ બનવું, ક્યાં એટલું સહેલું છે!!
માવતરનું નામ છોડી, બીજું નામ અપનાવવું, ક્યાં એટલું સહેલું છે,

દીકરી ને પુછો! પુત્રવધુ બનવું, ક્યાં એટલું સહેલું છે!
માતા પિતાની છત્રછાયા છોડી, જવાબદાર બનવું, કેટલું અઘરું છે,

દીકરી ને પુછો! પુત્રવધુ બનવું, ક્યાં એટલું સહેલું છે!

પોતાનું સર્વસ્વ છોડી, દુર દેશાવર વસવું કેટલું અઘરું છે,
દીકરી ને પુછો! પુત્રવધુ બનવું, ક્યાં એટલું સહેલું છે!

પ્રાણ થી ય પ્યારાં લોકોને છોડી વિદાય થવું, કેટલું અઘરું છે,
દીકરી ને પુછો! પુત્રવધુ બનવું, ક્યાં એટલું સહેલું છે!

પુત્રવધુ થઈ કુળની, ફરી દીકરી બનવું કેટલું અઘરું છે,
દીકરી ને પુછો! પુત્રવધુ બનવું, ક્યાં એટલું સહેલું છે!

પોતાંની ઈચ્છા અને ''ચાહત''ને મારી, રોજ જીવવું કેટલું અઘરું છે,
દીકરી ને પુછો! પુત્રવધુ બનવું, ક્યાં એટલું સહેલું છે!!

નેહા દેસાઈ 'ચાહત ' ( ન્યુ જર્સી , અમેરિકા )

## બાધા રાખે છે....??

કેટલુંક ધાર્યું પુર્ણ કરવાને, એ કેટલીય બાધા રાખે છે ?
વળી લાલચુ થઈ સૌ, આ રિતે ઈશ્વરમાં શ્રદ્ધા રાખે છે ?

દુનિયાને ઉલ્લુ બનાવવા, એ રોજ અનોખાં કાવતરાં માંડે,
અને ખરેખર તું જો, ઈશ્વરના નામે એ કેવા ધંધા રાખે છે ?

તે ફક્ત અને ફક્ત, થોડો સમય બદલાવ્યો હશે એનો,
હવે એ તને સમ્માન આપીને, બીજા સાથે કેવા વાંધા રાખે છે?

રહસ્ય શોધ્યું મેં એક દિવસ, આ ભોગ ધરવા પાછળનું,
તો જાણ્યું એ ખુદને મજબૂત રાખવા કેવી સુવિધા રાખે છે?

તપાસ કરજે 'આત્માનંદી ', એને કયા ઈશ્વર સાથે વધુ બને,
કારણ, એનું માન છે તો પૂછું, સંબંધમાં શેના સાંધા રાખે છે ?

હેમાલી શિયાણી 'આત્માનંદી'( પોરબંદર )

## પ્રીત કેરી રીત "કેમ છો?"

ક્યારેક કોઈ પનોતા મિત્ર ટહુકો કરી પૂછે,"કેમ છો?"
ને રોમેરોમે આનંદ તણી અનુભૂતિ પ્રગટાવી જાય!

નયનોમાં સંઘરેલી મધુર સ્મૃતિઓ તણાં ઝરણાં વહેતાં,
જૂનાં ઈતિહાસ કેરી કથાઓનાં પન્ના ઉથલાવી જાય!

જીવનમાં ભરી સુખ - દુઃખની આંટી-ઘૂંટીઓ અનેક,
શુદ્ધ મૈત્રી થકી સાહસની ઝંખનાઓ જગાવી જાય!

કરી હૈયે કેદ અતીતનાં મેઘધનુષી સંસ્મરણો જૂજ,
જેમ મીણબત્તી કેરી જ્યોત તમસ મિટાવી જાય!

વાતો જે મનમાં હતી તે કરી દીધી બયાન તમને,
તેની ફોરમ સબંધોની ક્યારીઓ મહેંકાવી જાય!

કોઈક તો છે જે પૂરી દેતાં પ્રાણ મુજ જીવનબાગમાં,
"કેમ છો?" કહીને સ્નેહે પ્રીત કેરી રીત શીખવી જાય!

હેમાંગીની વિરેન્દ્રકુમાર દલ 'મીરાં'

## વાલમ!

આંખો તારા માટે નીત તરસી વાલમ!
તારા વિરહમાં એ ઘણી વરસી વાલમ!

તારાથી જુદાઈ ખુબજ વસમી વાલમ!
પ્રિતનો વાયરો વાયો કમૌસમી વાલમ!

તારી સાથેની પળો અતિ સુખની વાલમ!
મને લાગી મોહિની તારા મુખની વાલમ!

તારી મારી જોડી સારસ બેલડી વાલમ!
તારી સુંદર પ્રીતે કરી મને ઘેલડી વાલમ!

તું આવે તો પુરી થાય મારી વાટડી વાલમ!
તને દિઠીને હરખાય મારી આંખડી વાલમ!

તારી રાહમાં બીછાવું ફુલ પાંખડી વાલમ!
સદાય મહેકી રહે આપણી પ્રીતડી વાલમ!

દયા કંટારીયા "મીરાં"

## પ્રમાણ વધી ગયું છે

માનવી માનવી વચ્ચેનું અંતર વધી ગયું છે,
સબંધોમાં હવે વિષનું પ્રમાણ વધી ગયું છે.

વિશ્વાસને પણ પ્રાણવાયુની જરૂર પડી,
ભરોષમાં વેન્ટિલેટર નું પ્રમાણ વધી ગયું છે.

શ્વાસ પણ લેવાય છે ડરતાં ડરતાં,
નફરતમાં ઝેરનું પ્રમાણ વધી ગયું છે.

આ સંસારમાં કોઈ કોઈનું નથી છતાં,
સ્વાર્થ માટે હું તમારો,નું પ્રમાણ વધી ગયું છે.

ઈશ્વર પણ જાણે બઘવાઈ ગયો છે 'આશા ',
જેણે બનાવ્યા એને જ બનાવાનું પ્રમાણ વધી ગયું છે.

શબ્દોના શોરબકોરમાં કોણ કોનું સાંભળે ,
મૌનમાં શૂન્યતાનું પ્રમાણ વધી ગયું છે

પ્રફુલ્લા॰આશા॰(રાજકોટ )

# પ્રજા સામે કાન પકડનાર કે ઉઠકબેઠક કરનાર વિધાયકને પક્ષમાંથી હાંકી કાઢો!!

મારું મન ન માન્યું. મેં નકારમાં માથું ધુણાવ્યું. પછી આંખો ચોળી. એક હાથથી બીજા હાથને ચૂંટલી ખણી.વર્તમાનપત્રમાં સમાચાર પ્રસિધ્ધ થયેલ હતા. કોઈએ લૂલો રદિયો પણ કર્યો ન હતો કે સમાચાર તોડી મરોડીને છાપવામાં આવેલ છે. અમારી વૈશ્વિક પ્રતિભાને ( લો બોલો સોસાયટીના ત્રીજા ઘરે કોઈ પેથોભાઈ ઓળખતો નથી ! અને દાવો વૈશ્વિક પ્રતિભાનો કરે છે. કુઆલાલુમ્પર શબ્દ ભૂલ વગર લખતા આવડતું નથી.અસાધ્ય નુકસાન કરવા માટે કાદવ ઉછાળ્યો છે!! ભાઈશ્રી આપે આખી જીંદગી કાદવ ઉછાળવા અને ચિપકાવવાનું કામ કર્યું છે. ગાલીગલોચ અને કાદવ ઉછાળવા સિવાય કયાં કોઈ કામ આવડે છે?

કોઈ રીઢા ગુનેગારનો ભયંકર ખૌફ હોય અને રેવડી દાણેદાણ કરવી હોય તો પોલીસ ગુનેગારને જાહેરમાં ઉઠકબેઠક કરાવે. ગુનેગારને કૂકડો બનાવે. ગુનેગારના ગળામાં રાંઢવું પહેરાવી તેના છેડા મુછડ પોલીસના હાથમાં પકડાવી ગુનેગારનો વરઘોડો કાઢવામાં આવે તે સમજી શકાય. અલબત, આ પણ તહોમતદારના માનવાધિકારનો ભંગ છે. અદાલતો તંત્રના છોતરા કાઢી નાંખે છે, એ વાત અલગ વાત છે!

વિધાયક એક વિશિષ્ટ વ્યકિત વિશેષ છે. મની પાવર-મસલપાવરથી કે વ્યકિતગત પ્રતિભા ( આની ટકાવારી નહીંવત્ છે.) ચૂંટાઇ આવે છે. તે મહાત્મા છે. પક્ષના પ્રતિક પંર ચૂંટાઇ આવે છે. પાંચ વરસ મતદારોને મુખકમળ કે પાદપંકજ ન દર્શાવવાનો પીળો પરવાનો મળે છે. મતદાર એક વાર મત આપે કે જનતા જનાર્દનમાંથી આપોઆપ સ્વયંભૂ વૈશાખીનંદનમાં રૂપાતંરિત થાય છે. તેના માટે કોઇ યોજના અમલમાંથી નથી.જો કે, મતદાર ગદર્ભ રૂપાંતરણ યોજના અમલમાં મુકી શકાય!! તમામ પક્ષોને સાનુકૂળ યોજના જણાશે. ૭૫ વરસથી યોજનાની યથાર્થતા સ્વયંસિધ્ધ પુરવાર થયેલી છે.

વિધાયક તરીકે ચૂંટાઇ આવ્યા પછી અંતરાત્મા નામના શુદ્ર જંતુને શિવાજી રીગલમાં ડુબાડ્યા પછી ક્યારેય કાન પકડ્યા છે કે ઉઠકબેઠક કરી છે? પક્ષની વિચારધારાનું હાર્દ આત્મસાત કર્યા સિવાય મંત્રીપદ કે ટિકિટ માટે જૂના પક્ષને ઉધઈની માફક છેહ આપવા માટે કાન પકડ્યા છે? ઉઠકબેઠક કરેલ છે? કરોડોની સરકારી જમીન પચાવી પાડવા , ગેસ એજન્સી મેળવવા, પેટ્રોલપંપ મેળવવા , શિષ્યવૃત્તિની રકમ ઓળવી જવા, નારી ગૃહની મજબુર નારીનું શારીરિક શોષણ કરવા કે લાંબું લિસ્ટ બને તેવી પ્રવૃતિ-જાકુબીના ધંધા કરવા માટે કાન પકડ્યા કે ઉઠકબેઠક કરી છે??જગતના તમામ ખરાબ કામ ન કર્યા હોય એવું તો બન્યું નથી. આ કામો માટે આખી જીંદગી ઉઠકબેઠક કરે તો જીંદગી ઓછી પડે.

વિધાયક તરીકે મગતરા જેવી પ્રજા સન્મુખ કાન પકડો તો આપણી વેલ્યું શું? માનો કે તમે મુખ્યમંત્રી કે મંત્રી કે ગોડફાધર પાસે કાન પકડો તો લેખે લાગે, પણ મચ્છર જેવી પ્રજાને મામૂલી મત મેળવવા કાન પકડો, ઉઠકબેઠક કરો. જો સાચું હોય તો શરમજનક છે. મગતરા જેવી પ્રજા પાસે તો કદાપિ નહીં.

અલ્લાહક તૌબા.આવું તે કરવું એ સ્વસન્માનની આત્મહત્યા કહેવાય! આજે કાન પકડાવે છે તો નાક રગડવાનું કહેશે. પરમદિવસે સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવાનું કહેશે. પછી તમને તેનું વાહન બનાવશે!!અરે વિધાયક ભાઇ તમે આવું જઘન્ય કૃત્ય કરશો તો તમારા અન્ય વિધાયક, સંસદસભ્યોના કુમળા ( અરે ભરતભાઇ શું ફેંકો છો? વિધાયકને કુમળા મન(વ્હોટ એ જોક!!) પર કેવી ખરાબ અસર પડે તેનો વિચાર કર્યો છે? આપણે પાણીનો ઘૂંટડો પણ હાઈકમાન્ડ કે લોકમાન્ડને પૂછીને- મંજૂરી લઈને પીવાનો હોય છે!! હાઈકમાન્ડની મંજૂરી વિના પ્રજા સામે કાન પકડવા કે ઉઠકબેઠક કરવી એ શિસ્તભંગ કે અનુશાસનહીનતા ગણાય! આ વાઈરસ ફેલાવતો અટકાવવા- રોગને ઉગતા ડામવા વિધાયકને પક્ષમાંથી કાઢી મુકો અથવા માર્ગદર્શક મંડળમાં નાંખી દો!!!!!! ભરત વૈષ્ણવ

# પાણીચું પામેલા પાઈલોટબાબા હવે બારમાસી છકડો ચલાવશે??

'' ગિરધરભાઈ. તમે તો બહું ચોપડા ફાડ્યા છે ને?? '' રાજુ રદીએ શાંત જળમાં પથ્થર ફેંકયો.

''રાજુ. ચોપડા ફાડ્યા મતલબ ?? તને હું કબાડી લાગુ છું?'' મેં કડક થઈ પ્રશ્ર કર્યો.

'' મારો કહેવાનો મતલબ એ હતો કે તમારું વાંચન વિશાળ છે. તમે શબ્દો પર ન જાવ, તમે મિનિંગ સમજો!'' મહાજ્ઞાની રાજુ રદી ઉવાચ. મેં તેના ચહેરો જોયો. ચહેરા પર કુટિલતાના ભાવોનો અભાવ. ડફોળ ભાસે તેવી નિતાંત નિર્દોષતા ઝલકે .

'' તમે રામાયણ વાંચેલી છે?? ભગવાન રામ લંકા વિજય પછી પુષ્પક વિમાનમાં સવાર થઈને પરત આવે છે. પ્રભુનો અયોધ્યાના રાજન તરીકે રાજ્યાભિષેક થયેલ ન હતો. પ્રભુ લંકાનું રાજ લંકા વિજય પહેલાં વિભીષણને આપી ચૂક્યા હતા. ભગવાનની ખાનગી એટલે કે ઓન ડયુટી યાત્રા ન હતી. આ સંજોગોમાં પુષ્પક વિમાનનું ભાડુ, પેટ્રોલ જેને એવીએફ કહે છે, પાયલોટસ્વામીનો પગાર, એરહોસ્ટેસ, ક્રુમેમ્બર, ગ્રાઉન્ડ સ્ટાફ વગેરે ખર્ચ પદર એટલે ખુદ ભોગવેલ હતો કે લંકા અગર અયોધ્યા સામ્રાજ્યે ભોગવેલ હતો??'' રાજુએ પૂછેલા પ્રશ્રથી પાણીમા વમળ ચાલુ થયા.

'' રાજુ. રામાયણમાં તેનો કોઇ ઉલ્લેખ નથી. અયોધ્યાના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ અગરબતીથી પ્રકાશ પાડી શકે!!!'' મેં રાજુના સવાલનું ફીંડલું વાળ્યું . પણ આ તો રાજુ રદી. સહેલાઈથી હાર માને ખરો? એણે બીજો સવાલ બોમ્બ મારા પર ઝીંક્યો.

'' ભગવાન શ્રી કૃષ્ણ ઋકમણીના ઈજનને માન આપી ઋકમણીનું લગ્નાશયથી અપહરણ કરવા ગયેલા. લગ્ન એ રાજાની ફરજ કે કર્તવ્યનો ભાગ નથી. અંગત કામકાજ માટે અધિકૃત રથનો ઉપયોગ, સારથીની સેવા લેવી, ઘોડાના ચંદી-ઘાસનો ખર્ચ રાજ્યની તિજોરીમાંથી કરેલ કે પોતાની કેડે બાંધેલ મુદ્રા રાખવા માટેની કોથળીમાંથી ચૂકવેલ ?? આ મુસાફરીનો ખર્ચ ચલણથી રકમ ભરી ચૂકતે કરેલ???'' રાજુનો બાઉન્સર સવાલ.

''રાજુ. આવું ક્યાંય સ્પષ્ટ કરવામા આવેલ નથી. તું મને માફ કર. આ બધું પોસ્ટમોર્ટમ શા માટે કરે છે?? તને પેટમાં ચૂંક આવે છે?'' મે બે હાથ જોડી રાજુને ખમૈયા કરવા કહ્યું.

'' ગિરધરભાઈ. કોઇ વ્યકિત ખલીફા હોય કે રાજા હોય તો એથિકસ મુજબ ત્યારે રાજ્યના સંશાધન અને અંગત સંશાધનો વચ્ચે ભેદરેખા કેવી રીતે નિભાવી શકે???'' કાજુનું બોમ્બાર્ડિંગ ચાલું જ હતું.

'' જો, રાજુ,આવા ઓલિયા જેવા રાજા અને ખલીફા હવે અવતાર લેતા નથી. અબુ બકર ખલીફા હતા. તેમના ઘરે રાજ્યનું કામ કરતા હોય રાજ્યની મીણબતી અને ઘરના કામ માટે ઘરની મીણબતીનો ઉપયોગ કરવાની બેવકૂફી કરતા હતા.વાસ્તવમાં, રાજ્ય માટે શ્રેષ્ઠ નિર્ણય કરવાની ચીવટ રાખવી જોઇએ.નહીં કે,મીણબતીના ઉપયોગ કરવા ન કરવાની બાબત ગૌણ છે!'' મેં કહ્યું.

'' ગિરધરભાઈ.હવેના જમાનામાં આવું બધું ગૌણ છે. હવે તો માથું દુખે તો બે રૂપિયાની ગોળીની રકમ પણ સરકારી તિજોરીમાંથી ઉધારવામાં આવે છે. એક અધિકારી અખિલ ભારત ધોળકિયા નામે જાણીતા છે.આ અધિકારી સુપર કલાસ વન અધિકારી હતા. તેમને હોદાની રૂએ મળતી કેઓટી ( કિચન ઓન ટેન્ડર એટલે કેઓટી. બહુમાને કેઓટીનું પૂરું નામ આવડતું નથી.) બુક લઈને કેન્ટિનમાં આવે.કેન્ટિનનું મેનું જોઇ ઓર્ડર આપે. આર્ડર મુજબ આવેલ બિસ્કિટ, પાપડી, સેવ વગેરે ઘરે લઇ જતા હતા!!હોદા સાથે કાર, પટાવાળા વગેરે મળે

આભાર - નિહારીકા રવિયા તેવી સુવિધાનો હોદાની મુદત દરમિયાન ઉપયોગ ( ખાનગી પણ! ન કરે અને વેવલાવેડા કરે તે અત્યંત આપતિજનક છે. એક ને વાદે બીજો બગડે તેનો સખત વાંધો છે.અમારા એક સાહેબ તેમને આપવામાં આવેલ કાગળ, ટેગ,નેપકીન, ટુવાલ સબ ભૂમિ ગોપાલ કી માનીને ઘરે લઈ જતા હતા તેમનો અંતરાત્મા સમયાનુસાર સઢ બદલતો હોવાથી સવિશેષ અકળામણ અનુભવતો મ હતો . અંતરાત્માને સગવડ મુજબ ખુલ્લો બંધ કરી વેવલાવેડામાંથી ઉગારી શકાય.!!!'' રાજુ રદીએ બગડેલા બાબુની લાક્ષણિકતા જણાવી.

'' રાજુ. આપણી સરકારને પાઈલોટ સાથે વેરભાવ છે. સરકારને પાઈલોટ દીઠાડોળે ગમતા નથી. પાયલોટ સામે શા માટે સૂગ હશે?? જો એક ચાયવાળો પ્રધાનમંત્રી મિસાઈલમેન રાષ્ટ્રપતિ, પાઈલોટ વડાપ્રધાન બની શકે છે. એક પાયલોટ અટકધારી ( પ્લેન ઉડાડવાનો અનુભવ નથી પણ સરકાર હાઈજેક કરવાનો અનુભવ છે!!) મુખ્યમંત્રી થવા માટે સરકારનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવા મથે છે. પરંતુ, દિલ્હી હાઈ કમાન્ડ કંટ્રોલ ટાવર ગ્રીન સિગ્નલ આપતા નથી. બે પાયલોટના ગજગ્રાહમાં ભવિષ્યમાં સરકાર કપાઈ જશે તેવું લાગે છે!!!

મધ્યપ્રદેશમાં એક પાઈલોટ બાબા છે. આપણા ગુજરાતમાં એક પાઈલોટ છે. તે વ્યવસાયે પણ પાઈલોટ છે.જો કે,તે પાઈલોટ બાબા નથી. સરકારે તેમનો કચરો કરી નાંખ્યો છે. પાઈલોટને સરકારી સેવા કરવાનો અગમ્ય અને અદમ્ય ઉત્સાહ છે!! પ્લેનમાં ઈમરજન્સી એકઝીટ હોયછે

.આ પાઈલોટ સરકારી નોકરીમાં જીપીએસસી કે ગૌણ પસંદગી મંડળ ક્લિયર કર્યા સિવાય પાછલા બારણેથી ઘૂસ્યા છે એમ કહીએ તો ખોટું ન કહેવાય. લોકો સરકારમાં એક નોકરી મેળવી શકે. એક નોકરીમાં છ સાત જગ્યાનો ચાર્જ સંભાળી શકે.પરંતું, પગાર એક જગ્યાનો પગાર મેળવી શકે. આપણા પાઈલોટ ભયંકર કર્મઠ છે. ત્રણ ત્રણ જગ્યા પર નોકરી કરે છે. તેની ત્રણ નોકરીના કલાકો ચોવીસ કલાક કરતા વધી જાય છે. સાહેબ તો માત્ર અઢાર કલાક કામ કરે છે!! પાઈલોટ બાબા પગાર લેવામાં પગાર નિષ્ઠ છે. એ હોંશે હોંશે ત્રણ જગ્યાના પગારભથ્થા વિનમ્રપણે સ્વીકારે છે!! કોઇ ઉપકાર કરવાની ભાવનાનો સદતંર અભાવ!! આને કહેવાય નીચ વિચાર અને ઉચ્ચ પગાર!! કેટલાજ મોટા જજ સાહેબો પણ નિવૃતિ પછી એકથી વધુ નોકરી કરે તો એક જ મકાનમાં રહેવા છતાં ત્રણ મકાન ભાડુ લીધું હતું!! ગુજુ પાઈલોટબાબાએ શું ખોટું કર્યું ? બોલો , તમને તક મળે તો તમે ચાર જગ્યાનો પગાર હડપ કરી જાવ!! વંદે ગુજરાત ટ્રેનના ડ્રાઈવર ખુદને પાયલોટ કહે છે. લકઝરી બસોના ડ્રાઈવરને પણ પાઈલોટ થવાના ધખારા છે. જમીન પર ઉભા રહી રીમોટથી ડ્રોનને ચલાવનાર ચવન્ની અઠન્નીને પણ પાઈલોટનું લેબલ લગાડવું છે!!!પાઈલોટ અને ડ્રાઈવર તત્વતઃ ઘાટ ઘડ્યા પછી નામરૂપ જુજવા જેવા છે. તેના હાથમાં અંતે તો સ્ટિયરી?ગ રહે છે!!!તેને સ્ટિયરીંગ સ્વામી પણ કહી શકાય!! આપણા પાઈલોટબાબાએ નવ વરસમાં માત્ર સો વાર પ્લેન -હેલિકોપ્ટરનો ઉપયોગ કર્યો એમાં શા માટે હોબાળો કરવાનો હોય?? જેના હાથમાં એના મોંમા એવું કહેવાય છે!! જો કોઇ વ્યકિત કોઇ માલિકીની રીક્ષા ચલાવતો હોય તો ઘરનું શાકભાજી કે દૂધ લેવા સાઈકલ પર જાય?? રામ રામ ભજો. જયાં સુધી સ્ટિરીંગ પર હોઇ ત્યા સુધી ઓન ડયુટી ગણાય. કોઇ મુખ્યમંત્રી કે પ્રધાનમંત્રી ચૂંટણીના પ્રચારમાં આવે તો તેની સિકયોરિટી, પ્લેનનું ભાડું પગારભથ્થા પાર્ટીના ખાતામા થોડા ઉધારવાના હોય?? લાલ બહાદુર શાસ્ત્રી કે મોરારજી દેસાઇ યુગ થોડો છે?? અત્યારે લાવબહાદુર યુગ છે!!

પાઈલોટ બાબાએ ત્રણ ત્રણ પદ સંભાળ્યા, ત્રણે પદોના પગાર ભથ્થા લીધા, અંડર ટેબલ વ્વવહારો સાચવ્યા. તેની કામગીરીની કદર કરવાના બદલે પાણીચું આપી દીધું. હાથમાં ગડગડિયું પકડાવી દીધું. એના કુટુંબના યોગક્ષેમનું વહન કોણ કરશે??

આપણે ત્યા કચ્છડો બારેમાસ કહેવાય છે. ગુજરાતમાં છકડો પણ બારમાસી છે. સમાજના તમામ વર્ગોના કિફાયતી પરિવહનનું માધ્યમ છે.હવે પાઈલોટ બાબા છકડો બારે માસ ચલાવશે કે શું??

ભરત વૈષ્ણવ

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ







**NOG SS NO - 199**
વિષયઃ- " ૨૧,ફેબ્રુઆરી - દ્વઈ માતૃભાષા મહોત્સવ"
શીર્ષકઃ- "મને ગમે ગુજરાતી"
પ્રકાર :- પદ્ય શબ્દ :- ૮૮
નામ :- અમૃત શ્રીમાળી

"મને ગમે ગુજરાતી"
""""""""""""""""""""""""""

હિન્દી છે મારી રાષ્ટ્રભાષા, માતૃભાષા છે ગુજરાતી,
ગરવી ગુજરાતનો ગર્વિલો હુ, મુખે વહેતી ગુજરાતી.

ગુર્જર પ્રદેશ બહુ ગૌરવશાળી,ગરવી ભાષા ગુજરાતી,
ગુર્જરધરા ધબકતી તેમાં ભાતીગળ ભમતી ગુજરાતી.

જયજય ગરવી ગુજરાત,જ્યાંજ્યાં વસે ગુજરાતી,
નર્મદ નયન નીતરતી વહેતી, અરદેશરની ગુજરાતી.

કન્નડ, ઉડિયા,પંજાબી કે પછી હોય તેલુગુ તમતમતી,
મલયાલમ કે મરાઠી મોંઘી મને સસ્તી ગમતી ગુજરાતી.

શૂન્ય,મરીઝ,આદીલ કે ગની'ની ગઝલમાં ગુજરાતી,
તૂટકફૂટક કાવ્ય કરતી મને ગમતી ભાષા ગુજરાતી.

કાન્તને કરતી શાન્ત કવિતા, ગોવર્ધનની ગુજરાતી,
સ્નેહરશ્મિને સુન્દરમ શોભે ભાવતી ભાષા ગુજરાતી.

લાગણી લહેરાતી, મીઠુ મલકાતી ઝુંમતી ગાતી ગુજરાતી,
"અમૃત"નો ઓડકાર લાવતી, મને બહુ ગમતી ગુજરાતી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.SS.No.0098**
પ્રકારઃ- પદ્ય
વિષયઃ- માતૃભાષા મહોત્સવ
શીર્ષકઃ- ભારત ની ગૌરવ
નામઃ- લીના શર્મા..
હિન્દી છે મારી રાષ્ટ્રભાષા, માતૃભાષા છે મારી હિન્દી .
ઈન્દ્રધનુષ સી હિન્દી ભાષા
બહુ જ પ્રવીણતાથી છે ગઈ તરાશી
અવધી, વ્રજ ભાષા ,બઘેલી, ભોજપુરી, મારવાડી ,મૈથિલી
વિભિન્ન સંસ્કૃતિના રંગો છે આમાં ભર્યા, અનેકતામાં એકતા ના નંગ જડ્યા.
માં સંસ્કૃત એમની જનની ,
દેવનાગરી બની લેખની.
સ્વર વ્યંજન ની ફૂલવારી
અલંકાર છંદ રસથી શૃંગારી ,
ધ્વનિ પ્રધાન ઉચ્ચારણ છે આનું
સૌથી શુદ્ધ વ્યાકરણ છે આનું
રાષ્ટ્રને એક સૂત્રમાં બાંધતી,
જીવન મૂલ્ય અને સંસ્કાર વહેંચતી, ક્રિયા ભાવના અમારી વ્યક્ત કરે.
વિશ્વમાં પહેચાન અમારી સશક્ત કરે. આવી ભારતની ગૌરવ છે હિન્દી.
??હાલોલ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG ss No 206**
વિષયઃ 'માતૃભાષા મહોત્સવ '
પ્રકારઃ પદ્ય
શિર્ષકઃ આત્મા ગુજરાતી
શબ્દો :૭૬

આત્મા

હાય, હલ્લો ગુડમોનિંગમાં, ભલે શુભ સવાર વિસરાતી,
ઉજાગરા ને મીઠલડીં નિંદરમાં સપનાં હજીયે ગુજરાતી.
લોલ, ગોટ્સને ઈમોટીકોન્સમાં ,ભલે લાગણી ગુંચવાતી,
હૈયાફાટ વેદનાં ને હરખની હેલીમાં લાગણી હજીયે ગુજરાતી.

પ્રીવેડીંગ ,રીંગસેરેમનીમાં ,ભલે પરંપરા ભુલાતી,
કન્યાં વિદાયવેળા કંકુંનાં થાપા ને ડુસકાં હજીયે ગુજરાતી.

બીટીએસ બૅન્ડ ને ડીજેમાં, સંસ્કૃતિ ભલે અટવાતી,
ગરબાનો તાલને મંદિરનો ઘંટારવ હજીયે ગુજરાતી.

"ફસી "મોમ અને "બીઝી "મોમ નાં ટેગમાં ભલે મુલવાતી,
હૈયા સરસે ચાપે બાળકને ત્યારે માનું વહાલ હજીયે ગુજરાતી.

જ ડો.ચાંદની અગ્રાવત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG:SS:NO. : 142**
વિષય : "માતૃભાષા મહોત્સવ"
શીર્ષક : ભાષાની શરમ
શબ્દો : ૨૨૪
લેખક/કવિ : શૈલેષ ભોઈ ★શૈલ★

ભૂલ સુધી ઠીક છે, પણ વાત જ્યારે શરમની આવે ત્યારે મને પણ એ લોકોને ગુજરાતી કહેતા શરમ આવે છે.
હા હું એજ લોકોની વાત કરું છું કે, જે ગુજરાતી હોવા છતાં ગુજરાતી બોલવામાં શરમ અનુભવે છે. શુભ સવારથી શુભ રાત્રી વચ્ચે આવો થી લઈને આવજો વચ્ચે ધ્યાન રાખજો એવા કેટલાંય ગુજરાતી શબ્દોનો ઉપયોગ બંધ થઈ ગયો છે. અન્ય ભાષા પ્રત્યે મને કોઈ વાંધો નથી પરંતુ, મને મારી માતૃભાષા પ્રત્યે માન છે, અભિમાન છે. જરૂર પડે ત્યાં અન્ય ભાષાનો પ્રયોગ હું પણ કરું છું. પરંતુ મે મારામાં માતૃભાષાને જીવંત રાખી છે.
કારણ કે,

ગુજરાતી ભાષાના શબ્દ-શબ્દમાં અર્થ છે.
ગુજરાતી હોવા છતાં ન સમજે, ન બોલે ગુજરાતી, એનું જીવન આખું વ્યર્થ છે.

પછી એવું થાય કે,
વોટર વોટર કરતા જીવ ગયો ને ખાટલા હેઠે પાણી, એટલે અન્ય ભાષાનો ચસ્કો બોવ સારો નઈ. જરૂર પડે ત્યાં ઉપયોગ કરવો, પરંતુ ગેરવાજબી પ્રયોગ યોગ્ય નથી. કારણકે માસી માની ગરજ સારી શકે નઈ.
એટલે કે,
કરો કેટલા મૉર્નિંગ, નાઈટ, હેલ્લો,હાય, બાય, ફાઈન, પણ કૂતરું દોડે ત્યારે, તો હઈડ જ કહેવું પડે.

એક ગુજરાતી તરીકે અને ગુજરાતી ભાષાના સાહિત્ય પ્રેમી તરીકે એટલું તો જરૂર કહીશ કે,

ધાવણ ધાવ્યું મે ગુજરાતી,
પાપા પગલીઓ ગુજરાતી,
સૌભાગ્ય એવું મને સાંપડ્યું,
જન્મ લીધો બની ગુજરાતી.

મારા દેહમાં લોહી જેમ, ગુજરાતી દોડે છે.
અન્ય ભાષા આગળ એની, માથા ફોળે છે.
વટ એવો છે મારી, મોજીલી ગુજરાતીનો,
હાંફી હાંફી "શૈલ" સૌ, અહીં દમ તોડે છે.

શૈલેષ ભોઈ "શૈલ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG: NOG SS ™tfh - 0042**
વિષય-માતૃભાષા મહોત્સવ સપ્તાહ
શીર્ષક - માતૃભાષાનું મહત્વ
શબ્દો- ૩૩૬
લેખકનું નામ - પૂજા(અલકા)કાનાણી

"દેવ, અહીં સીટ ડાઉન થઈ જા અને વોટર ડ્રિન્ક કરી લે. હવે આંટીના સનને થોડીવાર હીંચકા ખાવા દે." સામેથી આવતાં મમ્મી, દીકરાને જોઈ સ્નેહાએ એના દીકરાને કહ્યું.

"ખૂબ ખૂબ આભાર બેના." કહી સોનાલીએ પોતાના દીકરાને હીંચકા ઉપર બેસાડ્યો અને હીંચકાની સાથે બંને સ્ત્રીઓની વાતો પણ ચાલુ થઈ.

"તમે, આ એરિયામાં નવા આવ્યા લાગો છો! પહેલાં ક્યારેય તમને જોયા નથી. તમારો સન ક્યાં સ્ટડી કરે છે?"સ્નેહાએ વાતનો દોર ચાલુ કર્યો.

"તપોવન ગુજરાતી માધ્યમ."

"અત્યારના જમાનામાં!ગુજરાતી મીડીયમ સ્કૂલમાં?"

"હા, માતા-પિતા દ્વારા બોલાતું ભેળસેળિયું ગુજલીશ શીખવવા કરતાં શુદ્ધ ગુજરાતી માતૃભાષામાં શિક્ષણ કેમ ન આપવું?"

"કડકડાટ ઈંગ્લિશ ન બોલી શકવાના કારણે તમારું બાળક પાછળ રહી જશે તો! તમને એવો ડર નથી લાગતો?"

"ક્યુ, બાળક જન્મ વખતે અગ્રેજીમાં રડે છે!બાળકનાં જન્મ વખતે સૌથી પહેલી ખુશ થનારી 'મા' જ્યારે બાળકને છાતીએ વળગાડી જે સંબોધન કરે એ બાળકનો પહેલો માતૃભાષામાં પરિચય અને એટલે જ માતૃભાષાના મજબૂત પાયા પર બીજી ભાષાની ઈમારત ચણવી સહેલી છે. બીજું, ગર્ભાવસ્થાથી જ બાળક માતા દ્વારા બોલાતી ભાષાને સાંભળે છે. મોટું થતાં પહેલો વિચાર માતૃભાષામાં કરે પછી તેનું અનુવાદ અન્ય ભાષામાં કરે. બાળક જે ભાષા જાણતું હોય તેમાં અભિવ્યક્ત થવું તેને સહેલું લાગે. હા, બીજી ભાષા શીખવાનો હું વિરોધ નથી કરતી પણ બાળકને અઢી હજાર જેટલાં શબ્દો માતૃભાષામાં આવડવાં જોઈએ."

"ખરેખર, તમારાં વિચારો કેટલાં સરસ છે!મેં ક્યારેય આવું નહોતું વિચાર્યું."

"માફ કરજો બેના, આપણી પહેલી મુલાકાતમાં જ મેં તમને ભાષણ આપ્યું પણ જ્યારે માતૃભાષાની વાત આવે ત્યારે મારી આજ પ્રતિક્રિયા હોય છે."

"ઈટ્સ ઓકે, આપણાં, બાળકો તો મિત્રો બની ગયા. આપણે પણ મિત્રો?"એમ કહેતાં સ્નેહાએ ઉમળકા પૂર્વક હાથ મિલાવ્યો.

"ચોક્ક?સ, કેમ નહીં!પણ મિત્ર તો ઘરે આવીને વાતો કરે હો. અત્યારે મારે ઘરે જવાનો સમય થઈ ગયો છે."ઘડિયાળ તરફ નજર કરી, પર્સમાંથી વિઝિટિંગ કાર્ડ કાઢી સ્નેહાને આપી. સોનાલી ચાલવા લાગી.
સ્નેહાએ કાર્ડ તરફ નજર કરી.'ઓહો! શહેરનાં ખ્યાતનામ હૃદય રોગનાં નિષ્ણાત ડોકટર સોનાલી ઉપાધ્યાય?આટલાં ડાઉન ટુ અર્થ? તેનું મન અહોભાવની લાગણીથી તરબતર થઈ ગયું અને પોતાને કડકડાટ અંગ્રેજી બોલતાં ન આવડવાનો અફસોસ દૂર થઈ ગયો.'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No 136**
વિષય માતૃ ભાષા મહોત્સવ
શીર્ષક માતૃ ભાષા
લેખકનું નામ
હિમાંશી પંડિત નિર્મોહી
માતૃ ભાષા છે ગુજરાતી હમારી,
છે ગૌરવ લેવા જેવી છે વાત હમારી.

છતાંય ઈંગ્લિશ ભણે સંતાન અમારી,
વાલીઓ કહે કેવું ઈંગ્લિશ બોલે સંતાન અમારી.

આજની પ્રજા ઈંગ્લિશને મોર્ડન માની.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No. : 0141***
★વિષય : "માતૃભાષા ગુજરાતી"★
★શીર્ષક : "ગુજરાતી - મારું ગૌરવ"★
★શબ્દ સંખ્યા : ૩૫૦★
★લેખકનું
નામ : રસિકભાઈ વ પરમાર "રવ"★

હું ગુજરાતી! મારી માતૃભાષા ગુજરાતી! મને ગર્વ છે મારા "ગુજરાતીપણા" પર. મને વાંચનનો ગાંડો શોખ છે. ગુજરાતીમાં છપાયેલ કોઈપણ ચોપાનીયું, છાપુ, અંક, ગ્રંથ, પુસ્તક હાથમાં આવે એટલે શક્ય તેટલું વાંચી લઉં. કોઈના ઘેર મહેમાન બનીને ગયો હોઉં અને જો ત્યાં કશુંક લખાણ, છાપુ, મેગેઝિન હાથ આવી ગયું તો, યજમાન યજમાનના ઠેકાણે રહે અને મારું સમગ્ર ધ્યાન વાંચવામાં રહે. મને એ બાબતે ઘણી જગ્યાએ, સબંધીઓ દ્વારા ઠપકો પણ સાંભળવા મળ્યો છે પણ આપણે રામ! આ બાબતે સુધરતા નથી.

હમણાં જ "વિશ્વ માતૃભાષા" દિવસ ઉજવવામાં આવ્યો. આપણા ઘણા લેખક, કવિઓ, રચનાકારોએ, ભાષાનો મહિમા ગાયો, જેમાં ઘણી ઘણી હેરત પમાડે તેવી, ગુજરાતી બાબતો જાણવા મળી. ભારતભરમાં, છઠ્ઠા અને વિશ્વમાં છવિસમા ક્રમે બોલાતી ભાષા આપણી માતૃભાષા "ગુજરાતી" છે જે પાડોશી રાજ્યો મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ કે રાજસ્થાનના સરહદી વિસ્તાર સિવાય પણ ભારતભરમાં બોલાય છે, દેશ અને દુનિયામાં "ગુજરાતી" ભાષા આદરપાત્ર છે. તે તો માનવુ રહ્યું.

ગુજરાત બહારના પ્રદેશ, પાડોશી દેશ પાકિસ્તાનમાં અને વિદેશોમાં વસતા ગુજરાતીઓ દ્વારા સંવર્ધન પામેલી, સિંચાયેલી! મારી ગુજરાતી ભાષા, એના શબ્દ વૈભવ, રસાળતા, સરળતા, બોલી અને ધરોહરને લીધે ખુબ લોકભોગ્ય બની છે.

મહાત્મા ગાંધી જેવાં વિરાટ વ્યક્તિત્વો, મોટા ઉદ્યોગપતિઓ, કર્મઠ કારીગરો, સાગરખેડૂઓ, સાહસીક વેપારીઓ, મજૂરો વગેરે દ્વારા તથા વેપાર, કામધંધા, સેવાર્થે બહારના પ્રદેશોમાં સ્થાયી થયેલા; ગુજરાતી વંશના લોકો દ્વારા ગુજરાતીનું પોત આખી દુનિયામાં બળકટ બન્યું છે.

મૂળ સંસ્કૃત ભાષામાંથી પ્રાકૃત જન્મી. પ્રાકૃતમાંથી અપભ્રંશ અને એમાંથી ઉતરી આવેલી ગુજરાતી ભાષા, ગુર્જર લોકો દ્વારા બોલાતી હતી, કે જેમનો વસવાટ મધ્ય ભારત, રાજપુતાના વિસ્તારમાં હતો. અપભ્રંશ ભાષા રાજસ્થાની અને ગુજરાતી ભાષાની પૂર્વજ કહી શકાય. સ્વતંત્ર રીતે ગુજરાતી ભાષા, તેરમી સદી આસપાસ સાહિત્યિક સ્વરૂપે વિકસવા લાગી.

"જયાં જયાં વસે ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત", ભાઈ! ગુજરાતની વાત ન્યારી! દુનિયાના કોઈપણ ખૂણે જાઓ, આપણને કોઈને કોઈ ગુજરાતી મળી આવશે. આપણી વિશેષતા દર્શાવવા; એમ પણ કહેવાય છે કે, "ધ્રુવ પ્રદેશમાં જાઓ તો, ત્યાં પણ ગુજરાતી મળશે" અને જો ભવિષ્યમાં ચંદ્ર કે મંગળ ગ્રહ પર, જો માનવ વસાહતો સ્થપાશે, તો ત્યાં પણ વેપાર કરનાર ગુજરાતીઓ હશે.

અંતમાંઃ મારી ગુજરાતી ભાષા પારસીઓ દ્વારા સ્વીકારેલી માતૃભાષા છે. અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ, યુકે, જર્મની જેવા ઘણા દેશોના નામાંકીત વિશ્વવિદ્યાલયો, શાળા, મહાશાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓને, ગુજરાતી ભાષા એક ખાસ વિષય તરીકે ભણાવવામાં આવે છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 0200**
વિષય : દ્વંદ્વ માતૃભાષા મહોત્સવ
શીર્ષક : જય જય ગરવી ગુજરાત
પ્રકાર : ગદ્ય - લઘુકથા
શબ્દો : ૨૮૪
લેખક : નિશીથ બક્ષી "નિજાનંદ"

"ઓ યોષી, ઊભી થા હવે. આઠ વાગ્યા." અર્ચિતાએ દીકરીને ઉઠાડતાં કહ્યું. યોષિતા કહે, "ઓ મોમ, લેકટ મી સ્લીપ અ બિટ." અર્ચિતા ગુસ્સે થઈને બોલી, "ઓ ચિબાવલી, અંગ્રેજી ફાડવાની જરૂર નથી. ઊભી થા. દસમા ધોરણમાં આવું જ કરીશ?"

અર્ચિતા અને સુમિતની દીકરી યોષિતા ધોરણ નવ માં ભણતી હતી. આજે વિશ્વ માતૃભાષા દિવસ હતો એટલે તેને શાળાની વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લેવાનો હતો. તે ફટાફટ તૈયાર થઈને શાળાએ પહોંચી ગઈ.

શાળાના સેન્ટ્રલ હૉલમાં યોજાયેલી સ્પર્ધામાં તેનો વારો આવતાં તે ઊભી થઈ. ખુમારી સાથે પગલાં ભરતી તે સ્ટેજ ઉપર પહોંચી. તેણે માઈક હાથમાં લેતાં જ ગુજરાતનો જયકાર બોલાવતા કહ્યું, "જય ગુજરાત." પ્રેક્ષકોએ બરોબર પ્રતિભાવ ન આપતાં તે બોલી ઉઠી, "કેમ બધા ઢીલા પડી ગયા છો? ગુજરાતના ગૌરવ સમા સર્વ પ્રેક્ષકોને કહેવાનું કે ગાંધીનગર અને દિલ્હી સુધી અવાજ પહોંચે એવી રીતે બોલો, " જય ગુજરાત". બધાએ યોગ્ય પ્રતિભાવ આપતાં ગુજરાતનો જયજયકાર બોલાવ્યો.
યોષિતાએ વકતવ્ય શરૂ કર્યું. "મારા વ્હાલા ગુજરાતી વડીલો, ભાઈઓ અને બહેનો. આજે વિશ્વ માતૃભાષા દિવસ. અત્રે ઉપસ્થિત લગભગ સૌની માતૃભાષા ગુજરાતી છે. હિન્દી ભલે મારી રાષ્ટ્રભાષા, અંગ્રેજી ભલે મારું ભણતરનું માધ્યમ પણ ઝઘડો કરતી વખતે તો ગુજરાતી જ યાદ આવે. સાથે જ ઊંઘમાં હું કોઈ વાર બબડાટ કરું તે પણ માતૃભાષામાં જ હોય. પેલી કહેવત છે ને કે "જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં સદાકાળ ગુજરાત."

"વિશ્વ માતૃભાષા દિવસ દર વર્ષે ૨૧મી ફેબ્રુઆરીએ ઉજવવામાં આવે છે. માતૃભાષાનું ગૌરવ જળવાઈ રહે એ હેતુસર આ પ્રકારની ઉજવણી કરવામાં આવે છે. આશરે ૭૦૦થી વધુ વર્ષ જૂની ગુજરાતી ભાષા, મૂળ સંસ્કૃતમાંથી ઉતરી આવી છે. ગુજરાતી એ ભાષા અને લિપિ બંને છે. ગુજરાતી વ્યક્તિ તેના મનના વિચાર અને લાગણી ગુજરાતી ભાષામાં ખુબ સરસ રીતે વ્યક્ત કરી શકે છે. મને ગુજરાતી ભાષા પર પ્રત્યે ખૂબ માન છે. આજે વિશ્વ માતૃભાષા દિવસે હું ખૂબ જ ગૌરવ અને ધન્યતાની લાગણી અનુભવું છું. જય જય ગરવી ગુજરાત."

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N.O.G S.S No. - 130**
વિષય - માતૃભાષા મહોત્સવ
શીર્ષક - માતૃભાષાનું ગૌરવ
પ્રકાર - ગદ્ય - શબ્દો - ૨૮૬
લેખક - જાનકી સોની

આપણા દરેકના જીવનમાં માતૃભાષાનું એક આગવું મહત્વ હોય છે પરંતુ એ મહત્વ સમજવાવાળા લોકો કેટલા?
દરેક બાળકને જો તેની માતૃભાષાના માધ્યમમાં ભણાવવામાં આવે તો તેનો સર્વાંગી વિકાસ ખૂબ સારી રીતે થાય છે. દરેક વ્યક્તિને મગજમાં સૌથી પહેલો કોઈ વિચાર આવશે તો તે જે તે વ્યક્તિની માતૃભાષામાં આવશે પરંતુ હવે બાળકોને પોતાની માતૃભાષા કરતા અન્ય માધ્યમમાં ભણાવવા બાબતે પ્રાધાન્ય આપવામાં આવે છે. બાળક ઘરમાં આવેલા મહેમાનોની સામે અન્ય ભાષામાં બોલીને બતાવે તો તેના માતા-પિતા તથા અન્ય સભ્યો ગૌરવ અનુભવે છે. જો અહીં હું મારી માતૃભાષા ગુજરાતીની વાત કરું તો ઘણી બધી જગ્યાએ ગુજરાતી ભાષાને જીવંત રાખવા માટે ઘણી બધી પ્રવૃતિઓનું આયોજન થાય છે તે આમ જોવા જઈએ તો ખૂબ સારી વાત છે પરંતુ એક ગુજરાતી તરીકે તે વાત શરમજનક છે કે આપણે આપણી માતૃભાષાને જીવંત રાખવા માટે પ્રયત્નો કરવા પડે છે.

ઘણી જગ્યાએ એવી માન્યતા પ્રવર્તે છે કે જો અન્ય ભાષાને મહત્વ નહિ આપીએ તો વિદ્યાર્થીઓને આગળ ભણવામાં મુશ્કેલી પડશે અને અમુક ભાષા આવડે તો જ વિદ્યાર્થીઓ હોંશિયાર ગણાય. ખરેખર અન્ય કોઈ ભાષાના માધ્યમથી શું આપણી બુદ્ધિમત્તા કોઈ ચકાસી શકે?
આવી ખોટી માન્યતાઓના લીધે ઘણા માતા-પિતા પોતાના સંતાનોને અન્ય માધ્યમમાં ભણાવવાનો આગ્રહ રાખે છે.

ઘણી જગ્યાએ ઈન્ટરવ્યૂ પણ સ્થાનિક ભાષાની જગ્યાએ અન્ય ભાષામાં લેવામાં આવે છે તેથી ઘણા સારા ઉમેદવારોને અન્યાય થાય છે. ઈન્ટરવ્યૂમાં પણ એક વિકલ્પ સ્થાનિક ભાષામાં ઈન્ટરવ્યૂ આપવા માટે હોવો જોઈએ.

અન્ય ભાષા વિશ્વ ફલક પર ના શીખવી જોઈએ એવું જરા પણ નથી પરંતુ બાળકનો અભ્યાસ તેની માતૃભાષામાં થવો જ જોઈએ. એક વખત બાળક માતૃભાષા શીખી લે એ પછી તે અન્ય ભાષા શીખીને જે-તે ક્ષેત્રમાં આગળ અભ્યાસ સહેલાઈથી કરી શકે છે.

વ્યક્તિ પોતાના જીવનમાં આગળ ગમે તેટલી ભાષા શીખીને તેની ભાષા સમૃદ્ધિ વધારી શકે પરંતુ જો તે વ્યક્તિને તેની માતૃભાષા જ ના આવડતી હોય તો ગમે તેટલી ભાષા સમૃદ્ધિ કોઈ પણ કામની ના રહે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS N0: 228**
વિષય : માતૃભાષા મહોત્સવ
પ્રકાર : પદ્ય
શિર્ષકઃ ભાષા મારી ગુજરાતી
શબ્દો :૧૧૭

માં બાળકને પ્રેમે શીખવે,
અમ સૌને ગુજરાતી ભાષા.
કેવી સુંદર
આભાર - નિહારીકા રવિયા મીઠી લાગે,
કાલીઘેલી મારી ભાષા.
સૌના મન પર રાજ કરે એ
હરખે ઊભરે એવી ભાષા.
ટોચ ઉપર સદા રહેશે એ
એવી અમ સૌની અભિલાષા.

આડા અવળા, ઊંચા નીચાં,
હોય લીસ્સા કે ખરબચડાં,
રસ્તા એવાં કંઈક સર કર્યા!
જાણે કો' કોઈ નરબંકા.
વિદ્યા,વિવેક,સંસ્કાર,શિક્ષણ,
કરતી સદા મુજ જીવન રક્ષણ.
હરક્ષણ પડતી મુસીબતોમાં
અડીખમ ઊભી એ પ્રતિક્ષણ.

લહેર સમંદરની જેમ લહેરાયે,
ઊર ઊમંગે એમ ફેલાયે.
વૈભવશાળી લાગણી ભીંજવે,
ઉત્તમ સાહિત્ય થકી છલકાયે.
આનંદોલ્લાસ સૌને કરાવે,
અમ ગુજરાતી સર્વથા પૂજાયે.
માતા સંગે બાળક બોલે,
અલબેલી એ અમરતભાષા.

કહે 'પ્રપાશિ' શ્રેષ્ઠ ગુજરાતી
અમ સૌની એ માતૃભાષા!
◦◦◦◦ 'પ્રપાશિ'પરેશ પાઠક◦◦

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No 227**
પ્રકારઃ પદ્ય
વિષયઃ માતૃભાષા
શીર્ષકઃમાતૃભાષાની મધુરપ ( ગઝલ)

અમૃત જેવી મીઠાશ છે ગુજરાતીમાં
લાગણીની ભીનાશ છે ગુજરાતી માં!
માતૃભાષાની મધુરપ અણમોલ છે!
બધા બાગોની સુવાસ છે ગુજરાતીમાં.
શમણાંમાં, કલ્પનામાં સંવાદની રચનામાં,
વ્યવહારનો સઘળો પ્રવાસ છે ગુજરાતીમાં.
આવો કહી આવકારીએ,જાય ત્યારે આવજો!
કેટલો નિખાલસ પ્રયાસ છે ગુજરાતી માં!
-ભાનુપ્રસાદ "રાજન, કપડવંજ

# રાજ્યના પ્રત્યેક જિલ્લામાં મેડિકલ કોલેજ કાર્યરત કરી ઘર આંગણે મેડિકલ શિક્ષણ ઉપલબ્ધ કરાવવા સરકાર કટિબદ્ધ :- આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ

આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે વિધાનસભા ગૃહમાં રાજ્યની ૨.૨.ઈ.ઈ.જી. સંદર્ભે પૂછાયેલ પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું કે, છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નવીન પાંચ જીએમઈઆરએસ મેડિકલ કૉલેજ નો ઉમેરો કરાયો છે. જેના અંતર્ગત નવીન ૫૦૦ મેડિકલ બેઠકો વધી છે.

તદ્અનુસાર રાજપીપળા, નવસારી, પોરબંદર, ગોધરા અને મોરબી જિલ્લા હોસ્પિટલોને અપગ્રેડ કરીને જીએમઈઆરએસ હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે. મંત્રીશ્રી એ વધુ વિગતો આપતા જણાવ્યું હતુ કે, રાજય સરકાર દ્વારા એસ્ઈઈજી હેઠળ છેલ્લા ૨૦ વર્ષમાં ૧૩ નવી મેડીકલ કોલેજો અંતર્ગત સ્નાતક કક્ષાની કુલ ૨૧૦૦ અને અનુસ્નાતકની કુલ ૩૦૦ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જીએમઈઆરએસની ૧૩ કોલેજોના સંચાલન માટે અત્યાર સુધીમાં રાજ્ય સરકારે રૂ.૫૨૪૪ કરોડની રકમ ફાળવી છે.

જેની સામે ટ્યુશન ફી ની આવક રૂ.૨૨૧૬ કરોડ થઈ છે. યુ.જી.ની ૨૧૦૦ તથા પી.જી.ની ૩૦૦ મળી કુલ રૂ.૨૪૦૦ વિદ્યાર્થીઓમાંથી ૧૭૪૩ (૭૨%) વિદ્યાર્થી સરકારશ્રીની વિવિધ શિષ્યવૃતિ યોજનાઓ જેવી કે સ્રુજીરૂ, કન્યા કેળવણી, પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ યોજના, ઝસ્જીજી યોજના તેમજ ફ્રી શીપ કાર્ડ યોજનાઓનો લાભ મેળવી ફી માં રાહત મેળવતાં હોય છે.

આ ઉપરાંત ૮ કોલેજોના બાંધકામ માટે રાજ્ય સરકારે અત્યાર સુધીમાં રૂ.૪૨૮૭ કરોડ ફાળવેલ છે. નવી ૫ કોલેજોને રાજ્યના ૪૦ % અને કેન્દ્રના ૬૦ % લેખે ૯૭૬ કરોડ ફાળવવામાં આવ્યું હોવાનું તેમણે ઉમેર્યુ હતુ.

વર્ષ ૨૦૨૩-૨૪માં જીએમઈઆરએસ હસ્તકની ૧૩ મેડીકલ કોલેજોની ટ્યુશન ફીની થનાર અંદાજીત આવક રૂ.૩૭૫.૦૦ કરોડ સામે ૧૩ કોલેજો અને ૧૪ હોસ્પિટલોના અંદાજીત રૂ.૧૨૫૦.૦૦ કરોડનો ખર્ચ થવાનો છે. જેની સામે સરકાર તરફથી કોલેજો અને હોસ્પિટલોના ખર્ચ માટે રૂ.૮૪૩.૨૧ કરોડ ફાળવવામાં આવ્યા છે.

મંત્રી શ્રી એ રાજ્ય સરકાર હસ્તકની મેડિકલ કૉલેજના સંચાલન સંદર્ભે વિગતો આપતા જણાવ્યું કે, રાજ્યમાં ૬ સરકારી મેડીકલ કોલેજોમાં યુ.જી.ની ૧૪૦૦ બેઠકો તથા પી.જી. ની ૧૩૨૯ બેઠકો ઉપલબ્ધ છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં રાજ્ય સરકારે રૂ.૮૯૫ કરોડની જોગવાઈ કરેલ છે. જેની સામે ફી ની આવક માત્ર રૂ.૭.૩૭ કરોડ છે.

★રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ૫ (પાંચ) ૨.૨.ઈ.ઇ.જી. કોલેજની મંજૂરી મળી :- ૫૦૦ મેડિકલ બેઠકો વધી - આરોગ્ય મંત્રી★

................................

રાજપીપળા, નવસારી, પોરબંદર, ગોધરા અને મોરબી જિલ્લા હોસ્પિટલોને અપગ્રેડ કરીને ૨.૨.ઈ.ઇ.જી હેઠળ સમાવેશ કરાયો

..................

★રાજય સરકાર દ્વારા એસ્ઈઈજી હેઠળ છેલ્લા ૧૫ વર્ષમાં ૧૩ નવી મેડીકલ કોલેજો અંતર્ગત સ્નાતક કક્ષાની કુલ ૨૧૦૦ અને અનુસ્નાતકની કુલ ૩૦૦ ઉપલબ્ધ થઇ★

............

૧૩ કોલેજોના સંચાલન માટે અત્યાર સુધીમાં રાજ્ય સરકારે રુ?.૫૨૪૪ કરોડની રકમ ફાળવી - જેની સામે ટ્યુશન ફી ની આવક રુ.૨૨૧૬ કરોડ

............

★યુ.જી.ની ૨૧૦૦ તથા પી.જી.ની ૩૦૦ મળી કુલ ૨૪૦૦ વિદ્યાર્થીઓમાંથી ૧૭૪૩ (૭૨%) વિદ્યાર્થી સરકારશ્રીની વિવિધ શિષ્યવૃતિ યોજનાઓ હેઠળ ફી મા રાહત મેળવે છે★

............

★રાજ્યમાં ૬ સરકારી મેડીકલ કોલેજોમાં યુ.જી.ની ૧૪૦૦ બેઠકો તથા પી.જી. ની ૧૩૨૯ બેઠકો ઉપલબ્ધ★


............

★વર્ષ ૨૦૨૩-૨૪ માં રાજ્ય સરકારે રૂ.૮૯૫ કરોડની જોગવાઇ કરી જેની સામે ફી ની આવક માત્ર રૂ.૭.૩૭ કરોડ★




શ્રી ઉત્તર ગુજરાત વણકર સમાજ પંચ/ પરગણા મહાસંઘ ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા "વણકર ભવન"નું નિર્માણ કુડાસણ ખાતે થનાર છે. જેના ભૂમિપૂજન પ્રસંગે આજે મેયરશ્રી હિતેશભાઈ મકવાણા એ રામકથા મેદાન, સેકટર-૧૧ ખાતે હાજરી આપીને દાતાશ્રીઓ અને કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. આ અવસરે મેયરશ્રી એ જણાવ્યું હતું કે આ ભવનના નિર્માણથી સમાજના સૌ લોકોને ઉત્તમ સુવિધાઓ મળી રહેશે તેમજ સમાજ સેવામાં પણ ઉપયોગી થશે.આ કાર્યક્રમમાં સાંસદશ્રી કિરીટભાઈ સોલંકી, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ મંત્રીશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, હોદેદારશ્રીઓ, સમાજના અગ્રણીઓ, સાધુ - સંતો તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# પરમાત્મા હંમેશા આપણી સાથે છે - સંત રાજીન્દર સિંહજી મહારાજ



આવો આપણે એક પ્રયોગ કરીએ: એક આખો દિવસ પસાર કરીએ અને જોઈએ કે આખા દિવસ દરમિયાન આપણે પરમાત્મા ને કેટલી વખત યાદ કરતા હોય છે એક વખત કે બે વખત? તો શું આપણે પરમાત્માને ભૂલી ગયા છીએ? અને એવું વિચારીએ છીએ કે આ બધું થાય છે એના કરતા આપણે છીએ? આપણે પરમાત્મામાં જેટલો સમય આપીએ છીએ તે વધારવાનો પ્રયત્ન કરવો જોઈએ.

શું આપણે પરમાત્માને આપણી સાથે કામ કરવા, આપણા પરિવાર સાથે ,આપણા મિત્રો સાથે અને આપણી પ્રવૃત્તિઓમાં સાથે લઈ જઈ શકીશું? શું આપણે પરમાત્માને દરેક ક્ષણે આપણી સાથે રાખી શકીએ? જ્યારે આપણા જીવન ને જોખમ હોય ત્યારે આપણે પરમાત્માને યાદ કરીએ છીએ પરંતુ શું આપણે જમતી વખતે, કપડાં પહેરતી વખતે, ચાલતી વખતે, વાત કરતી વખતે, કામ કરતી વખતે, રમતી વખતે અથવા સુતી વખતે યાદ કરીએ છીએ? જે આ બધી વખતે યાદ કરે છે તેઓ દરેક સમયે આનંદ અને મગ્ન રહે છે તે અથવા તેણી સમસ્યાઓથી દૂર રહે છે અને જીવનના આ ઉતાર ચઢાવ થી પ્રભાવિત થશે નહીં.

તે આપણી અંદર રહેલી ઈશ્વરીય શક્તિ આપણને પડકારનો સામનો કરવા માટે શક્તિ હિંમત અને પ્રોત્સાહન આપે છે.

દરેકને એક નહીં તો બીજા સમયે પડકારનો સામનો કરવો પડે છે. ત્યારે કેટલીક વખત આપણે એવું વિચારતા હોય છે કે શું આપણે તેમાંથી પસાર થઈ શકીશું તેમ છતાં જ્યારે આપણે તેમાંથી સફળતા પૂર્વક પસાર થઈએ છીએ ત્યારે આપણને આશ્ચર્ય થાય છે કે આપણે કેવી રીતે આ કરી શક્યા. આ દરેક અનુભવો આપણને એ સાબિતી આપે છે કે એક ઉચ્ચ શક્તિ હંમેશા આપણી સાથે હોય છે આપણે ક્યારેય એકલા હોતા નથી. પરમાત્મા હંમેશા આપણી સાથે હોય છે.

જ્યારે પણ આપણે એવા પડકારનો સામનો કરીએ છીએ કે જે આપણને મુશ્કેલ લાગે છે ત્યારે આપણે ધ્યાનમાં રાખવું જોઈએ કે આ પડકારનો સામનો કરવામાં આપણે એકલા નથી પરમાત્મા ના અદ્રશ્ય હાથ હંમેશા આપણી સાથે હોય છે. કદાચ આપણે પરમાત્માને જોઈ શકતા નથી પરંતુ આપણે તેની હાજરી નો અનુભવ કરી શકીએ છીએ.

એ સમયે કે જ્યારે આપણે પરમાત્માની હાજરી નો અનુભવ કરીએ છીએ આપણે વધુ ગ્રહણશીલ થઈએ છીએ. અને આપણે પરમાત્માની હાજરીને વધુ અનુભવી શકીએ છીએ.

તો જ્યારે પણ આપણે પડકારનો સામનો કરવો પડે છે ત્યારે આપણી યાદ રાખવું જોઈએ કે જેમણે આપણાથી પણ મોટા પડકારોનો સામનો કર્યો હતો તેઓ પણ તેમાંથી પસાર થઈ ગયા હતા તો આપણે જીવનના પડકારો નો સામનો નિર્ભયતાથી કરવો જોઈએ આપણે આપણાથી બનતું શ્રેષ્ઠ કરીએ અને પરિણામ પરમાત્મા ની ઈચ્છા ઉપર છોડી દેવું જોઈએ. પરમાત્મા હંમેશા આપણી સાથે છે. અને જીવનના દરેક ઉતાર ચઢાવ પર આપણને માર્ગદર્શન આપે છે.



અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકા ની શ્રી વાંટડા ( સરડોઇ ) પ્રાથમિક શાળા ના ૫૭ વિદ્યાર્થીઓ ના મહુડી,અક્ષરધામ, ઈન્દ્રોડા પાર્ક,અડાલજ તથા અમદાવાદ નાએજયુકેશનલ ટુર નું આયોજન શાળા ના શિક્ષકો અસ્વીનભાઈ પટેલ નયનાબેન પુવારે કરેલ પ્રવાસ ને સફળ બનાવવા બદલ શાળા ના આચાર્યશ્રી યુવરાજસિંહ પુવારે આભાર માનેલ

# વર્લ્ડ એન જી ઓ ડે ની બોડકદેવ આંગણવાડી માં અનોખી ઉજવણી કરવામાં આવી




વિશ્વ દ્દર્દ દિવસ ૨૦૨૪ ની આ વખત ની થીમ છે “ટકાઉ ભવિષ્યનું નિર્માણ×

ટકાઉ વિકાસ લક્ષ્યો હાંસલ કરવામાં દ્દર્દ નીતિન ચેરીટેબલ ટ્રસ્ટ ની ભૂમિકા વર્ષો થી નોંધપાત્ર રહી છે . આ વખતે આ દિવસ ની ઉજવણી રાજ્ય ના ત્રણ થી છ વર્ષ ના બાળકો ના શિક્ષણ અને પોષણ માટે કાર્ય કરતી બહેનો ના સન્માન કાર્યકમ થી કરવા માં આવી . આ પ્રસંગે નીતિન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આંગણવાડી કાર્યકરો ભગવતી પ્રજાપતિ , દક્ષા ઠાકોર , મનીષા રોહિત ,હેતલ કંતોડે , રીટા ઠાકોર નું ટ્રોફી અને કેશ પ્રાઈસ થી સન્માન કરવા માં આવ્યું હતું .

ડો. નીતિન શાહ દ્વારા આખાય કાર્યક્રમ ને પ્રયોજવા માં આવ્યો હતો. કાર્યક્રમ ની રૂપરેખા જાણીતા ટીવી ફિલ્મમેકર મનીષા શર્મા એ ઘડી હતી . વિચારતા સમુદાય માટે શ્રેષ્ઠ કામગીરી કરતા મિત્તલ બહેન પટેલે મુખ્ય અતિથિ તરીકે પદ શોભાવ્યું . સોરઠ ની સિંઘમ ફેમ કેસર ઉર્ફે દેવાંશી વ્યાસ અતિથિ વિશેષ હતા .

# મોકાસી પરિવાર સ્નેહ મિલન સમારોહ ચોથુ આયોજન આવધા ગામે પારસી પાડા ફળિયા ખાતે યોજાયો હતો

ધરમપુર તાલુકાના આવધા ગામે પારસી પાડા ખાતે યોજાયેલ મોકાસી કુળ પરિવાર સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો આદિવાસી સમાજના આગેવાન એવા દેવુભાઇ મોકાસી એ જણાવ્યુ હતુ કે મોકાસી પરિવાર એક મંડપ નીચે સૌ ભેગા થયા હતા ત્યારે જીવણનો સોથી ખુશીનો દિવસ અનુભવ થઈ ગયો કારણ કે આપણે બધા એકજ લોહીના છીએ એવુ હુ માનુ છુ અને પરિવાર એક સાથે ભેગા થયા તેની ખુશી વ્યક્ત કરવા મારા પાસે શબ્દ ખુટી પડે હુ આશા રાખુ કે આપણે બધા એક બીજાના સુખ દુઃખ મા સાથે રહીએ એક બીજાના સુખ /દુઃખ ના




માહિતગાર બની મદદરૂપ થઈએ અને આવનારા દિવસો મા આપણુ પરિવાર પ્રગતિ ના પંથે આગળ વધે એવી યોગ્ય નિર્ણય લઈએ આપણુ પરિવાર વ્યશન મુકત કરવા નિર્ણય લઈ પરિવાર નુ નામ રોશન કરીએ આપણા પરિવારના દીકરા/દીકરી સારો અભ્યાસ કરી દેશ વિદેશ મા મોકાસી પરિવાર નુ નામ રોશન કરે એવી શિખામણ આપી આશા સાથે હર હમેશા આપણે પરિવાર સાથે જોડાયેલા રહીએ મોકાસી પરિવાર સ્નેહ મિલન સમારોહ આવેલા તમામનો દેવુભાઈ મોકાસીએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો ગુજરાત સંઘ પ્રદેશ દાદરા નગર હવેલી અને મહારાષ્ટ્રથી મોટી સંખ્યામાં મોકાસી પરિવારો ઉપસ્થિત રહ્યા હતા

# નવદંપતીઓને શ્રીમદ્ ભાગવત ગીતા અર્પણ કરાઈ...અલગ અલગ યુવા સંગઠનો દ્વારા ભારે જહેમત ઉઠાવી સેવા આપી હતી

ઉના હિતેષ જોષી દ્વારા

સમસ્ત કોળી સમાજ ઉના ગીરગઢડા તાલુકા, નવયુવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ઉના દ્વારા અને ધારાસભ્ય કે સી રાઠોડના માર્ગદર્શન હેઠળ પાંચમો સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજીત કરવામાં આવ્યું હતું. આ સમૂહ લગ્નોત્સવ ઉના શહેરમાં શાહ એચ ડી હાઈસ્કુલના વિશાળ ગ્રાઉન્ડમાં કરવામાં આવેલ જેમાં ૬૧ નવદંપતિ ઓએ પ્રભુતામાં પગલાં પાડી લગ્ન જીવનની શરૂઆત કરી હતી. આ પ્રસંગે ધારાસભ્ય કે સી રાઠોડ સમાજમાં વ્યસન મુક્તિ, ખોટા ખર્ચથી બચવા, અને શિક્ષણ પર ભાર મુકવા, સમૂહ લગ્નમાં જોડાવા આહવાન કર્યું હતું. તમામ નવ દંપતીઓએ ભોળુભાઈ રાઠોડ દ્વારા શ્રીમદ્ ભાગવત ગીતા અર્પણ કરવામાં આવી હતી.

સમૂહ લગ્ન પ્રસંગે અલગ અલગ સંગઠન દ્વારા વિવિધ સેવાઓ પૂરી પાડી હતી. જેમાં હિન્દુ યુવા સંગઠન યુવાનો દ્વારા ભારે જહેમત ઉઠાવી ભોજનથી માંડી તમામ વ્યવસ્થામાં સેવાઓ આપી હતી. ભગતસિંહ ગ્રૂપ દ્વારા ઠંડા પીણા, યુવા કોળી સંગઠન દ્વારા ચા-પાણી સહીત અલગ અલગ સંગઠન ગ્રૂપના યુવાનો દ્વારા સેવાઓ આપેલ હતી.



સમાજના યુવાનો આગેવાનોની જહેમતથી આ સમૂહ લગ્ન સફળ રીતે સંપન્ન થયાં હતાં. જેમાં હજારોની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

આ સમૂહ લગ્નમાં ધારાસભ્ય કે સી રાઠોડ, નગર પાલિકા પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, વિજયભાઈ રાઠોડ, રાજુભાઇ ડાભી, વિનોદભાઈ બાંભણીયા, રવિભાઈ રાઠોડ, ધીરુભાઈ છગ, અલ્પેશભાઈ બાંભણીયા તેમજ કોળી સમાજના આગેવાનો, નગર પાલિકા સભ્યો, તાલુકા પંચાયત સભ્ય, જીલ્લા પંચાયત સભ્ય, ઉના પી.આઇ રાણા સહીતનાં સમાજનાં આગેવાન યુવાનો, તેમજ ઉના ગીરગઢડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારો માંથી આવેલા જાનૈયાઓ ભાઇ-બહેનો સહીત હજારોની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

આ લગ્નમાં તાલુકાભર માંથી આવેલા તમામ જાનૈયાઓ માટે ભોજનની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. જેમાં યુવાનો દ્વારા વાહનો પાંર્કિંગ સહીત તમામ વ્યવસ્થાઓમાં સેવાઓ પૂરી પાડી હતી.

# ધો.૧૦ અને ધો.૧૨ના ૪૫.૨૧૧ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે

ગાંધીનગર : ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા.૧૧મી માર્ચથી શરૂ થનારી બોર્ડ પરીક્ષામાં જિલ્લામાંથી ૨૫ હજારથી વધુ વિદ્યાર્થીનો ધોરણ-૧૦ની પરીક્ષા આપશે જ્યારે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૪ હજાર જેટલા અને વિજ્ઞાન પ્રવાહમાં ૫,૩૯૧વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં બેસશે.બોર્ડની પરીક્ષાને આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્સુકતા જોવા મળી રહી છે. વિદ્યાર્થીઓ આખરી તબક્કાની તૈયારીમાં ગળાડૂબ બન્યા છે.ત્યારે શિક્ષણ વિભાગે પણ તૈયારીઓ

Gujarat Secondary and Higher Secondary Education Board (GSHSEB)

આરંભી લીધી છે અને મીટીગોનો દૌર શરુ થઇ ગયો છે.

બોર્ડ પરીક્ષાના આડે હવે થોડા દિવસો જ બાકી રહ્યા છે. પરીક્ષાનો સમય નજીક આવતા વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીમાં લાગી ગયા છે. સમગ્ર વર્ષ દરમિયાનની મહેનતનો નિચોડ પરીક્ષામાં ઉતારવા માટે પરીક્ષાર્થીઓ સજ્જ થઇ રહ્યા છે. વિદ્યાર્થીઓ પરીક્ષાને અનુલક્ષી રીવીઝન વર્કમાં લાગી ગયા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.